## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



ખબર નથી પડતી આટલા દૂરથી મહેમાન આવ્યા છે અને તું પહેલા પાણી લાવે છે...!! જા આમનો મોબાઈલ લઈને ચાર્જીંગમાં મુકી આવ....!!!

# જિલ્લાની કન્સ્ટ્રક્શન સાઈટો પર મજૂરોના સ્ક્રીનીંગમાં ૮ મેલેરિયાના દર્દી મળ્યા

## તંત્ર દ્વારા ડેન્ગ્યુ વિરોધી માસ અંતર્ગત જનજાગૃતિ અભિયાન સઘન બનાવાયુ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં વાહકજન્ય રોગચાળાને લઈ આરોગ્ય તંત્ર દ્વારા હાથ ધરાયેલ મજૂરોના સ્ક્રીનીંગમાં ત્રણ જુદી જુદી સાઈટ પરથી ૮ જેટલા મજૂરોને મેલેરિયા થયો હોવાનું જણાતાં તંત્રએ તાબડતોબ પગલાં લેવા માટે કન્સ્ટ્રક્શન સાઈટોના સંચાલકોને તાકીદ કરી છે.

ખોરજ, ટાંચરડા અને ગિફટસીટીની કન્સ્ટ્રક્શન સાઈટો પરથી મજૂરોના સ્ક્રીનીંગ દરમ્યાન મજૂરોને મેલેરિયા પોઝીટીવ જણાતાં તંત્ર દ્વારા તાબડતોબ પગલાં લેવા માટે કન્સ્ટ્રક્શન સાઈટના સંચાલકોને કડક તાકીદ કરેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મેલેરિયા તેમજ ડેન્ગ્યુના રોગ સામે સાવચેતીના પગલાં લેવા માટે જનજાગૃતિ અભિયાન પણ હાથ ધરવામાં આવ્યુ છે. હાલ ડેન્ગ્યુ વિરોધી માસની ઉજવણી અંતર્ગત જિલ્લામાં ૬૦ થી વધુ શાળાઓમાં વકતૃત્વ સ્પર્ધા, ૬૦ થી વધુ શાળાઓમાં નિબંધ સ્પર્ધા તેમજ ૩૦ થી વધુ શાળાઓમાં ગામની શૈક્ષણિક સંસ્થાના કર્મચારીઓ અને આચાર્યો સાથે મેલેરિયા જાગૃતિ અંગેની ગોષ્ઠી યોજવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી ડેન્ગ્યુના મળેલા બે કેસોને પણ તંત્રએ ગંભીરતાથી લીધા છે અને ત્યાં એન્ટી લારવેલની કામગીરી ઉપરાંત લોકોને તે વિશેની જાણકારી આવી સ્વચ્છતા જાળવવા તેમજ આ રોગચાળાથી કઈ રીતે બચી શકાય તેની પણ સમજ આપવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે પણ સભ્યોની ગૃપ બેઠકોનો સિલસિલો જારી રહ્યો હતો.
- જિલ્લા પંચાયતના સામાજિક ન્યાય અધિકારિતા વિભાગ દ્વારા બાળકોની શિષ્યવૃત્તિ મંજૂરી અંગેના કેમ્પનો આજથી આરંભ થયો છે જે ૩૦ જૂલાઈ સુધી ચાલશે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે વધુ એક કેસ કોલેરા પોઝીટીવનો નોંધાયો છે. ૧૩ વર્ષની દિકરીને કોલેરા પોઝીટીવ આવ્યો છે. દિકરી અમદાવાદના કઠવાડા વિસ્તારમાં રહે છે.
- લોક સાહિત્યના જાણીતા કલાકાર લાખાભાઈ ગઢવીનુ દુ:ખદ અવસાન થયુ છે. ગાંધીનગરના લોકસાહિત્યના રસિકોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.
- જિલ્લા પંચાયતની ખાલી પડેલી જગ્યાઓ અંગેનું માંગણાપત્રક તાત્કાલિક સરકાર દ્વારા માંગવામાં આવ્યું છે.
- ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડે આજે કરેલ નિર્ણય મુજબ હવે બોર્ડની પરીક્ષાના ફોર્મમાં ઉમેદવારે આધાર કાર્ડ નંબર લખવાનો રહેશે.
- ગાંધીનગર જિલ્લાના પ્રા. શિક્ષણાધિકારી નટવરસિંહ રાઠોડે પીએચડી ડીગ્રી મેળવતાં જિલ્લાભરમાં શિક્ષકોમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી છે.
- જિલ્લા આંકડા અધિકારી અને ઈન્ચાર્જ આયોજન અધિકારી એન.જી. પટેલ લાંબી રજા પર ઉતર્યા છે.

# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલનો વિદ્યાર્થી સ્વીમીંગ સ્પર્ધા ઉત્કૃષ્ટ પ્રદર્શન

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ જીમખાના ખાતે તાજેતરમાં સ્કૂલ ગેમ સ્વિમીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અંડર-૧૪ની સ્વીમીંગ સ્પર્ધામાં જીઆઈપીએસમાં અભ્યાસ કરતા ધોરણ-૮ના વિદ્યાર્થી દિવ્ય વિજયકુમાર કોટક ૫૦ મી ફ્રી સ્ટાઈલમાં બીજુ સ્થાન હાંસલ કર્યુ છે. આ વિજેતા ખેલાડીને શાળા પરિવારે શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.

# સે-૧૧ કોમર્શીયલ વિસ્તારમાં ખદબદતી ગંદકીથી નાગરીકો ત્રસ્ત

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં અત્યારે હાલના સમયે ચોમાસાની રૂતુમાં સફાઈ ઝુબેંશ તેમજ રોગચાળા વિરોધી ઝુબેશ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. ત્યારે સેકટર-૧૧ કોમર્શીયલ વિસ્તારમાં વૈશ્વિકકક્ષાની હોટલો તેમજ રેસ્ટોરન્ટ આવેલી છે તેની આસપાસના વિસ્તારમાં અતિશય ગંદકી જોવા મળી રહી છે. ગંદકીને પગલે મચ્છરોનો ત્રાસ વધતા આસપાસ ખુલ્લામાં વેચાણ થતો ખોરાક નાગરીકોના આરોગ્યની દ્રષ્ટિએ ઝોખમી પુરવાર થઈ શકે છે. ત્યારે સે-૧૧ કોમર્શીયલ વિસ્તારમાંથી ગંદકી તંત્ર દ્વારા ત્વરીત દુર કરવામાં આવે તેવુ નગરજનો ઈચ્છી રહ્યા છે.

ચોમાસાની સિઝનમાં વરસાદને પગલે શહેરમાં ભરાયેલા પાણીના ખાબોચીયાને કારણે ઠેરઠેર ગંદકી જોવા મળી છે. ચોમાસામાં ભરાઈ રહેલા પાણીમાં મચ્છરોની ઉત્પતિ કેન્દ્ર હોવાથી મચ્છરોનો ત્રાસ વધી જવા પામે છે. વરસાદી સિઝનમાં પાણીજન્ય તેમજ મચ્છરજન્ય રોગચાળો વકરે નહી તે માટે તંત્રના અધિકારીઓ-કર્મચારીઓ કમરકસી રહ્યા છે. ત્યારે સેકટર-૧૧માં વરસાદી પાણીને પગલે કાદવકિચડ થતા આ વિસ્તાર ગંદકીથી ખદબદે છે. કોમર્શીયલ વિસ્તારમાં માખી તેમજ મચ્છરોના ત્રાસ વધતા વેપારીઓ તેમજ નાગરીકો હેરાન થઈ ગયા છે.

તંત્ર દ્વારા સફાઈ કરવામાં આવે તેવું સ્થાનિકો ઈચ્છી રહ્યા છે. ત્યારે કોમર્શીયલ વિસ્તારમાં ખુલ્લામાં વેચાણ થતો ખોરાક પણ નાગરીકોના આરોગ્ય માટે ઝોખમી પુરવાર થાય તેમ છે. તંત્ર દ્વારા અત્યારે હાલના સમયે સફાઈ ઝુબેંશ અને રોગચાળા વિરોધી ઝુબેંશ ચલાવાઈ રહી છે. શહેરમાં પાણીજન્ય કે મચ્છરજન્ય રોગચાળો વકરે નહી તેની ખાસ તકેદારી તંત્ર દ્વારા રાખવામાં આવી રહી છે.

# દલિત સમાજના પ્રદર્શનકારીઓ પર ખોટા કેસો દુર કરવા બસપા દ્વારા આવેદનપત્ર

ગાંધીનગર, તા. ૨૭

સમગ્ર રાજયમાં ઉના દલિતકાંડના પડઘા પડ્યા છે. રાજયમાં વસતા સામાન્ય દલિત પ્રજામાં એક આક્રોશ જોવા મળી રહ્યો છે. દલિત નાગરીકો માર્ગો પર દેખાવો કરવા તેમજ વિરોધ પ્રદર્શન કરવા મજબુર બન્યા છે. ત્યારે પોલીસ તંત્ર દ્વારા પ્રદર્શનકારીઓને ખોટા કેસો કરીને અને સરકારી માલ મિલકતને નુકશાન તેમજ સુલેહ શાંતિ ભંગ બદલ ધરપકડ કરવામાં આવી હતી. જેને પગલે સમગ્ર દલિત સમાજ હેરાન પરેશાન થઈ ગયો છે. બહુજન સમાજ પાર્ટી દ્વારા ખોટા કેસો બંધ કરવા રાજયના ગૃહ વિભાગ અને ડી.જી.પી. ને લેખીતમાં રજુઆત કરી છે.

ગુજરાત રાજયના ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના સામઢિયાળા ગામે દલિત યુવાનોને બેરહેમીપૂર્વક માર મારવામાં આવ્યો હતો. આ ઘટનાના પડઘા સમગ્ર રાજયમાં પડયા છે. રાજયના તમામ જિલ્લા તાલુકમાં મથક પર દલિત ભાઈ બહેનો દ્વારા ઘટનાને વખોડવામાં આવી છે. ત્યારે દલિત સમાજના ભાઈ બહેનો માર્ગો પર વિરોધ પ્રદર્શન કરી તંત્રને આવેદનપત્ર પાઠવી કસુરવાર સામે યોગ્ય કાર્યવાહી કરવા રજુઆત કરી રહ્યા છે.

દલિત પ્રજામાં સરકાર પ્રત્યે ગુસ્સો અને નારાજગી છે જેને પગલે દલિત સમાજ શાંત અને કાયદાની મર્યાદામાં રહીને દેખાવો યોજે છે બંધારણીય રીતે પોતાનો વિરોધ વ્યકત કરે છે. ત્યારે વહીવટી તંત્ર દ્વારા દલિત સમાજને ખોટી રીતે હેરાન પરેશાન કરવામાં આવી રહ્યો છે.ગુજરાતના કેટલાક વિસ્તારમાં ઉના દલિતકાંડ બાદ દલિતો પ્રત્યે વૈમનસ્ય રાખી ખોટા પોલીસ કેસ તેમજ પોલીસ કનડગતના જે બનાવો બની રહ્યા છે. તે અંગે બહુજન સમાજ પાર્ટી દ્વાર વિરોધ દર્શાવ્યામાં આવ્યો છે.દલિતો પ્રત્યે સહાનુભુતી દાખવી તેમને પોલીસ રક્ષણ આપવા અને ખોટા કેસ કાર્યવાહીમાંથી બચાવવા હકારાત્મક પગલા લેવા બહુજન સમાજ પાર્ટી દ્વારા રાજયના ગૃહવિભાગ અને રાજય પોલીસ વડાને આવેદનપત્ર પાઠવી લેખીત રજુઆત કરી છે. આ પ્રસંગે બસપાના ગુજરાતના પ્રભારી મુંન્શીલાલ જયંત, જિલ્લા પ્રભારી પ્રવીણભાઈ વાઘેલા, જિલ્લા પ્રમુખ ચિરાગ પરીખ તથા પ્રદેશ ખજાનચી ડી.એસ.વાઘેલા, કિશનભાઈ પરમાર, કુ.નેહલબેન મકવાણા સહિત શહેરના હોદેદારો તેમજ કાર્યકર્તાઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

## વેસ્ટર્ન નેવલ કમાન્ડના વડા ગુજરાતની મુલાકાતે

ગાંધીનગર, તા. ૨૭

અરબી સમુદ્રમાંથી ગુજરાત ઉપર વધતી જતી ત્રાસવાદની ભીતીને ખાળવા માટે અને દરીયાઈ સલામતી વ્યવસ્થા વધુ સઘન બનાવવા માટે વેસ્ટર્ન નેવલ કમાન્ડના ચીફ વાઈસ એડમીરલ ગીરીશ લુથરા આજથી ત્રણ દિવસની ગુજરાત મુલાકાતે આવ્યા છે.

વેસ્ટર્ન નેવલ કમાન્ડના વડા પોરબંદર અને ઓખાની મુલાકાત લેશે અને ગાંધીનગર ખાતે નવકાદળ અને કોસ્ટગાર્ડના વરીષ્ઠ અધિકારીઓ સાથે બેઠક કરી દરિયાઈ સુરક્ષાની સમીક્ષા કરશે. ખાસ કરીને કચ્છ જામનગરના દરીયાકાંઠે પેટ્રોલીયમ રીફાઈનરીમાં કરોડોનું મુડીરોકાણ થયુ છે ત્યારે ભારતીય નૌકાદળના જહાજો ૨૪ કલાક અરબી સમુદ્રમાં ફરી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે.

આ ઉપરાંત કંડલા બંદરેથી કાર્ગોનું રેન્ડીંગ થઈ રહ્યું છે. નેવીના વડા રાજ્યપાલ ઓ.પી. કોહલીને મળીને પણ સ્થિતિની સમીક્ષા કરશે.



ટ્રીમીંગ : શહેરના આંતરીક માર્ગો પર વૃક્ષોનું ટ્રીમીંગ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ચોમાસાની સિઝનમાં વરસાદના પાણીથી લચી પડેલા વૃક્ષોને કારણે વાહનચાલકોને ભારે હાલાકી પડે છે. શહેરમાં વારંવાર જાગતી ફરીયાદોને પગલે મહાનગરપાલિકા દ્વારા વૃક્ષોનું ટ્રીમીંગ કરાઈ રહ્યું છે.

# મોટી આદરજ ગામે ક્ષય રોગ વિશે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા શહેરને અડીને આવેલા મોટી આદરજ ગામની એસ.એમ.કે.શાહ માધ્યમિક શાળા ખાતે બાળકોને ટી.બી.ના રોગ વિશે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બાળકોને ટી.બી.ના રોગ અંગે જિલ્લા ક્ષય કેન્દ્રના અધિકારીઓએ અંગે સંપૂર્ણ માહિતી પુરી પાડવામાં આવી હતી.

ક્ષય રોગ એ ગંભીર બિમારી છે. ગુજરાતમાં ધીમેધીમે આ રોગનો ભરડો વધી રહ્યો છે. આ રોગથી પિડાતા વ્યકિતના સંપર્કમાં વારંવાર આવતા વ્યકિતને પણ આ રોગ થવાની સંભાવના રહે છે. આ રોગની હાજરી ગ્રામ્ય વિસ્તારમાં વધુ જોવા મળે છે માટે જિલ્લા આરોગ્ય કેન્દ્ર કટીબધ્ધ બન્યું છે. સતત જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરતું રહે છે. આ રોગની નિયમિત દવા લેવાથી સંપૂર્ણ મટી શકે છે તેમજ દર્દી પહેલા જેવો સ્વસ્થ થઈ જાય છે. આ રોગની તમામ દવા જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા નિશૂલ્ક પુરી પાડવામાં આવે છે. ત્યારે આ રોગ અંગે નાગરીકોમાં જાગૃતિ આવે તે અત્યંત જરુરી બન્યું છે. જેથી આજરોજ શ્રીમતી એસ.એમ.કે.શાહ માધ્યમિક શાળા આદરજ મોટી ગામે જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ક્ષયના રોગ વિશેની માહિતી પુરી પાડી હતી. જેમાં ટીબી એટલે શું, ટીબીના લક્ષણો, નિદાન, સારવાર અંગેની વિસ્તૃત માહિતી બાળકોને પુરી પાડવામાં આવી હતી. આ સમયે બાળકોએ રાજયમાંથી ટીબીને નાબુદ કરવા માટે શાળાના તમામ બાળકોએ શપથ લીધા હતા. જેમાં ટી.બી. મુકત આદરજ અને ટી.બી.મુકત ગુજરાત માટે યોજાયેલ આ સમગ્ર કાર્યક્રમમાં મોટીસંખ્યામાં વિદ્યાર્થી ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે ડીપીએમએમસીના કેયુર જયસ્વાલ, જીલ્લા ક્ષય કેન્દ્ર ગાંધીનગરના આનંદ પટેલ તેમજ આયુષ મેડીકલ ઓફીસર ડો. હર્ષલભાઈ ભટ્ટ હાજર રહ્યા હતા.

## આધાર બોર્ડ પરીક્ષાના આવેદનપત્રમાં જરૂરી

અમદાવાદ, તા. ૨૭

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના આવેદનપત્રોમાં આધારકાર્ડ નંબર ફરજિયાત કરવા અંગે સૂચના જારી કરી દેવામાં આવી છે.

બોર્ડમાં નોંધાયેલા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે આધાર કાર્ડ નંબર ચાલુ વર્ષથી ફરજિયાત કરવામાં આવ્યો છે. માર્ચ ૨૦૧૭ની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાના આવેદનપત્રોમાં આધાર કાર્ડ નંબર ફરજિયાત રહેશે.

આધાર કાર્ડ નંબર નહીં હોય તો વિદ્યાર્થીઓનું આવેદનપત્ર ફરી શકાશે નહીં. જેની નોંધ લેવા તમામ શાળાઓને કહેવામાં આવ્યું છે. જે વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ અને ૧૨માં અભ્યાસ કરી રહ્યા છે તે વિદ્યાર્થીઓ આધાર કાર્ડ મેળવી લે તેવી સૂચના આપવામાં આવી છે.



# પાંચ પોલીસ અધિકારી કર્મચારીઓને 'તાલીમ શ્રેષ્ઠતા મેડલ'

ગુજરાત રાજય પોલીસ તાલીમ વિભાગમાં ફરજ બજાવતા પોલીસ અધિકારી તથા કર્મચારીઓને ઉત્કૃષ્ઠતા દાખવવા બદલ કેન્દ્રીય ગૃહમંત્રી દ્વારા 'તાલીમ શ્રેષ્ઠતા મેડલ' જાહેર કરવામાં આવ્યા છે. રાજય પોલીસ વડા પૃથ્વીપાલ પાન્ડેય એ 'તાલીમ શ્રેષ્ઠતા મેડલ' મેળવનાર કરાઈ ખાતે ફરજ બજાવતા પોલીસ અધિકારી-કર્મચારીઓ નાયબ પોલીસ અધિક્ષક પી.જી. ધારૈયા, એ.ડી.આઈ એમ.બી. ગઢવી, આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ ડી.બી. સોલંકી, ઈન્ચાર્જ વાયરલેસ પીએસઆઈ એસ.એ. કનોજીયા અને આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ જુમ્મનખાન અલ્લારખા શેખને અભિનંદન પાઠવ્યા છે.

# ચિલોડામાં દબાણકારોનો ગેરકાયદેસર કબ્જો

## તંત્રની લાપરવાહીથી સરકારને કરોડોનો ચુનો, સરકારી જમીનો ઉપરના પાકા બાંધકામ વેચાણ થઈ રહ્યા છે, મસમોટા કૌભાંડની શક્યતાથી ગ્રામજનોએ કલેક્ટર, ડીડીઓ અને ટીડીઓને લેખિત ફરીયાદ કરી, સરકાર સુચારૂ આયોજન કરી આવકને ચિલોડાના વિકાસમાં ઉપયોગ કરે તો સ્માર્ટસીટીના ઉજળા સંકેતો

ચિલોડા, તા. ૨૭

સરકારી જમીનો ઉપર ગેરકાયદેસર દબાણોના કેસમાં સુપ્રિમ તથા હાઈકોર્ટના કડક વલણ હોવા છતાં આ પ્રવૃત્તિ તંત્રની લાપરવાહીથી બેરોકટોક ચાલે છે. ગાંધીનગરની તદન નજીક આવેલા ચિલોડામાં સરકારી જમીનો ઉપર વર્ષોથી દબાણકારોએ ગેરકાયદેસર કબ્જો જમાવી દીધો છે. સરપંચ તથા તલાટી ફક્ત નોટીસ આપી સંતોષ માની રહ્યા છે. પરંતુ કબ્જેદારો પાકા બાંધકામ કરી ખુલ્લેઆમ વેચાણ પણ કરી રહ્યા છે. વિકાસથી વંચિત રહેલા ચિલોડાને સુચારૂ આયોજન કરી કોમર્શીયલ બાંધકામ કરી ધંધા વ્યાપારની છુટ અપાય તો અઢળક આવક થાય તેમ છે. જેનાથી ચિલોડા સ્માર્ટ સીટી બની શકે છે. ગામનો વિકાસ ઝંખતા ગ્રામજનોએ કલેક્ટર, ડીડીઓ તથા ટીડીઓને લેખિતમાં ફરીયાદ કરી ત્વરીત પગલા લેવાય તેવી માંગ કરી છે.



ચિલોડા ગેરકાયદેસર દબાણોથી ગુંગળાઈ રહ્યુ છે. ચો તરફની સતત અવરજવરથી ધમધમતા ચિલોડાના બજારોમાં વર્ષોથી દબાણકારોએ ગેરકાયદેસર કબ્જો જમાવી દીધો છે. ચિલોડા એપ્રોચ રોડ, મુખ્ય બજાર, દહેગામ રોડ, દહેગામ-ગાંધીનગર, હિંમતનગર તથા અમદાવાદ રોડ ઉપર લારી-ગલ્લા, પાથરણાવાળા તથા પાકા બાંધકામ સહિત ગેરકાયદેસર ધંધાકીય પ્રવૃત્તિએ માઝા મુકી છે.

ચિલોડા ગામમાં જવાના એપ્રોચ રોડ પર બંને બાજુ ગેરકાયદેસર દબાણકારોએ દબાણ કરી લેતા પસાર થવુ પણ મુશ્કેલ બન્યુ છે. પંચાયતના કાયદાનું સરેઆમ ઉલ્લંઘન કરી મોટી સંખ્યામાં દબાણકારોએ કબ્જો જમાવી દેતા ચિલોડા બેડોળ અને કદરૂપુ બની ગયુ છે. જો કે પંચાયત દ્વારા કાયદાની કલમ ૧૦૫ મુજબ દબાણ દુર કરવાની નોટીસ આપી છે પરંતુ જીલ્લા, તાલુકા કે તલાટી દ્વારા કોઈ જ પગલા લેવાતા નથી. ચિલોડાના ગ્રામજનોએ ઉચ્ચ કક્ષાએ લેખિતમાં ફરીયાદ કરી છે. ચિલોડાને ગેરકાયદેસર પ્રવૃત્તિના સકંજામાંથી છોડાવી મુક્ત કરવા રોષ સાથે માંગ કરી છે.

## અમદાવાદમાં કોંગ્રેસ દ્વારા આજે મેયર કચેરી ખાતે ધરણા

આજે મળેલી મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય બેઠક સમયે સર્જાયેલ ધાંધલ અને ધમાલની પરિસ્થિતિની વચ્ચે ભાજપના કેટલાક કોર્પોરેટરો દ્વારા કોંગ્રેસના મહીલા કોર્પોરેટરોને ધક્કા-મુકકી કરી તેમની સાથે અભદ્ર વર્તન કરવામાં આવ્યુ હોવાના આક્ષેપ સાથે વિપક્ષ કોંગ્રેસ દ્વારા આવતીકાલે ગુરૂવારના રોજ બપોરે મેયર કચેરી ખાતે ધરણાં યોજીને રાજીનામુ માગવામાં આવશે.


## ટુંકી મુદતની જાહેર નિવિદા

નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, ગાંધીનગરની કચેરી ખાતે સરકારશ્રીના કામકાજ સબબ સ્ટેશનરી ખરીદી માટે વાર્ષિક ભાવ કરાર કરવાના થાય છે જે માટે રસ ધરાવતી ઈચ્છુક પાર્ટીઓ / સંસ્થાઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેનું નિયત ટેન્ડર ફોર્મ તા. ૬/૮/૨૦૧૬ સુધીમાં કચેરી કામકાજના દિવસોએ સવારના ૧૧.૦૦ કલાકે થી ૪.૦૦ કલાક દરમિયાન વહીવટી અધિકારી નેશનલ હેલ્થ મિશન, સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટની કચેરી, એનએચએમ ભવન, જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજની પાસે, ગાંધીનગરની કચેરીએથી અરજી સાથે 'સ્ટેટ હેલ્થ સોસાયટી ગુજરાત - એનએચએમ'ના નામનો રૂ. ૫૦૦/- (રૂપિયા પાંચસો પુરા)નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહીં ચુકવવાપાત્ર) ટેન્ડર ફી ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે. ભરેલા ભાવપત્રકો તથા ટેકનીકલ લાયકાત પત્રક અલગ - અલગ કવરમાં રાખી બંને એક જ સીલબંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટથી તા. ૧૬/૮/૨૦૧૬ના રોજ સાંજના ૧૮.૦૦ કલાક સુધીમાં મળે તે રીતે ઉપરોક્ત સરનામે મોકલી આપવાના રહેશે. ટેન્ડર સ્વીકારવું કે નહીં તે અંગેનો હક અત્રેની એસપીએમયુ કચેરીને અબાધિત રહેશે.

સભ્ય સચિવ (સ્ટેટ હેલ્થ સોસાયટી) અને
અધિક નિયામક (આરોગ્ય)
ગાંધીનગર

માહિતી/૧૦૭૯/૨૦૧૬-૧૭